પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયાલાલકી

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૫૯ | ૧૯ ઓગસ્ટ, ૨૦૨૨, શુક્રવાર; શ્રાવણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# કાશ્મીર સ્થિત બિનકાશ્મીરી મતદાન કરી શકશે

**વિધાનસભા ચૂંટણી પહેલાં ચૂંટણી પંચે મોટી જાહેરાત કરી : જમ્મુ કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ દૂર કર્યા પછી પહેલીવાર મતદાર યાદીમાં વિશેષ સંશોધન થઈ રહ્યું છે, એવામાં આશા છે કે આ વખતે મોટાપાયે ફેરફાર થશે**



નવી દિલ્લી,તા.૧૮

જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની સંભાવના છે. તેની પહેલાં ચૂંટણી પંચે મોટી જાહેરાત કરી છે. જમ્મુ કાશ્મીરના મુખ્ય ચૂંટણી કમિશનર હદેશ કુમારે કહ્યું કે જે બિન કાશ્મીરી લોકો રાજ્યમાં વસવાટ કરે છે. તે પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવીને મતદાન કરી શકે છે. તેના માટે તેમને સ્થાનિક રહેઠાણ પ્રમાણપત્રની જરૂર નથી. એટલું જ નહીં તેમણે કહ્યું કે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા માટે તહેનાત સુરક્ષા દળના જવાનો પણ પોતાનું નામ મતદાર યાદીમાં સામેલ કરાવી શકે છે. હદેશ કુમારે જણાવ્યું કે જમ્મુ કાશ્મીરમાં આ વખતે લગભગ ૨૫ લાખ નવા મતદારોનું નામ મતદાર યાદીમાં સામેલ થવાની આશા છે. તેમણે જણાવ્યું કે કર્મચારી, વિદ્યાર્થી, મજૂર અને કોઈપણ બિનકાશ્મીરી લોકો કાશ્મીરમાં વસવાટ કરે છે. તે પોતાનું નામ મતદાર યાદીમાં સામેલ કરાવી શકે છે. તેમણે જણાવ્યું કે મતદાર યાદીમાં નામ સામેલ કરાવવા માટે સ્થાનિક નિવાસ પ્રમાણ પત્રની જરૂર નથી. તે સિવાય જમ્મુ કાશ્મીરમાં તહેનાત સેનાના જવાનો પણ

● અનુસંધાન પાન-૭ પર

# રાયગઢમાંથી વિસ્ફોટકો સાથે મળેલી ઓસ્ટ્રેલિયન બોટ

**દેવેન્દ્ર ફડણવીસે આ બોટ મળવા પાછળ કોઈ આતંકવાદી કનેક્શન હોવાની વાત નકારી, આ બોટ ઓસ્ટ્રેલિયાના એક નાગરિકની હોવાનું બહાર આવ્યું**

રાયગઢ, તા.૧૮

મહારાષ્ટ્રના રાયગઢમાં દરિયાકાંઠેથી હથિયારો ભરેલી બે સંદિગ્ધ બોટ મળી આવતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ બોટ્સમાંથી ૩ એકે-૪૭ રાયફલ અને વિસ્ફોટકો મળી આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, હરિહરેશ્વર સમુદ્ર તટ પરથી આ બંને બોટ મળી હતી, જેમાંથી એકમાં એકે-૪૭ રાયફલ હતી. પોલીસે સમગ્ર વિસ્તારમાં એલર્ટ જાહેર કરી સર્ચ ઓપરેશન શરુ કર્યું છે.





બોટમાં સવાર થઈ કોઈ વ્યક્તિ આ વિસ્તારમાં ઘૂસ્યા છે કે કેમ તેની પણ તપાસ શરુ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, ૨૬/૧૧ના મુંબઈ ટેરર અટેકમાં પણ આતંકવાદીઓ બોટમાં સવાર થઈને જ ભારતની હદમાં ઘૂસ્યા હતા.

જોકે, મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અને ગૃહમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ બોટ મળવા પાછળ કોઈ આતંકવાદી કનેક્શન હોવાની વાત નકારી દીધી છે. તેમણે જણાવ્યું હતું કે ૧૬ મીટર લાંબી આ બોટ ઓસ્ટ્રેલિયાના એક નાગરિકની હોવાનું બહાર આવ્યું છે. બોટ મસ્કતથી યુરોપ જઈ રહી હતી ત્યારે તેના એન્જિનમાં કોઈ ખામી સર્જાઈ હતી. બોટમાં સવાર લોકોને કોરિયાના એક યુદ્ધ જહાજ દ્વારા બચાવી લેવાયા હતા. જોકે, દરિયો તોફાની હોવાથી બોટને પકડી નહોતી શકાઈ, અને તે વહેતી-વહેતી મહારાષ્ટ્ર સુધી પહોંચી ગઈ હતી. બોટને હાલ પોલીસે રિકવર કરી છે, અને તમામ તપાસ પૂરી કરવામાં આવશે.

મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેના જણાવ્યા અનુસાર, આ ઘટનાની હાલ તપાસ ચાલી

● અનુસંધાન પાન-૭ પર

# હેમંત સોરેન સરકારની ઘડીઓ ગણાય છે

**હેમંત સોરેન ઓગસ્ટ મહિનો પૂરો કરી બતાવે : ભાજપના સાંસદનો ઝારખંડના મુંખ્યમંત્રીને પડકાર :ગેરકાયેદસર માઈનિંગ, ભ્રષ્ટાચારના મામલામાં ચુકાદો આવવાનો છે, જેમાં હેમંત સોરેન સામે પણ આક્ષેપો છે**

રાંચી, તા.૧૮

ઝારખંડના સીએમ હેમંત સોરેન ઓગસ્ટ મહિનો પૂરો કરી બતાવે તેવો પડકાર ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ફેંક્યો છે. દુબેના કહેવાનો બીજો અર્થ એ છે કે, હેમંત સોરેનના નેતૃત્વ હેઠળની ઝારખંડ મુક્તિ મોરચા સરકાર ઓગસ્ટ મહિનો પણ પૂરો નહી કરી શકે. દુબેએ ટ્વિટ કરીને કહ્યુ હતુ કે, ૩૧ ઓગસ્ટ સુધીમાં ઘણી ઉથલ પાથલ થઈ શકે છે. રાજ્યનુ ચિત્ર બદલાઈ શકે છે. દુમકા અને બરહેટ બેઠક પર પેટા ચૂંટણી પણ યોજવી પડે તો નવાઈ નહી. દુમકામાં ચાર દાયકાથી એક જ પરિવારનુ શાસન છે અને તે ખતમ થઈ શકે છે. કારણકે રાજ્યમાં ગેરકાયેદસર માઈનિંગ, ભ્રષ્ટાચાર સહિતના મામલામાં ચુકાદો આવવાનો છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમત્રી સોરેન પર શેલ કંપનીઓ ચલાવવા માટે તેમજ ગેરકાયદેસર રીતે માઈનિંગ માટે લીઝ લેવાનો આરોપ છે. જેની સુનાવણી બુધવારે પૂરી થઈ ગઈ છે અને હવે સુપ્રીમ કોર્ટ તેના પર



# ખેરી હિંસા કેસમાં ન્યાયની માગ સાથે ખેડૂતોનું વિરોધ પ્રદર્શન

**વિરોધ પ્રદર્શનમાં ૧૦,૦૦૦ ખેડૂતો ભાગ લઈ રહ્યા છે**

લખમીપુર, તા.૧૮

ઉત્તરપ્રદેશના લખીમપુર ખીરીમાં કેન્દ્ર વિરુદ્ધ ખેડૂતોનું ૭૨ કલાકનું વિરોધ પ્રદર્શન આજથી શરૂ થઈ ગયું છે. આ વિરોધ પ્રદર્શનમાં પંજાબના લગભગ ૧૦,૦૦૦ ખેડૂતો ભાગ લઈ રહ્યા છે. સંયુક્ત કિસાન મોરચા (એસકેએમ)એ લખીમપુર ખેરી હિંસા કેસમાં ન્યાયની માંગ સાથે કેન્દ્ર સરકાર સામે ૧૮ થી ૨૦ ઓગસ્ટ સુધી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી હતી.



પંજાબના ખેડૂતો બુધવારે સંયુક્ત કિસાન મોરચાના કોલ પર કેન્દ્ર સામે ૭૨ કલાક લાંબી ધરણામાં ભાગ લેવા માટે ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરી જવા રવાના થયા હતા. રાકેશ ટિકૈત, દર્શન પાલ અને જોગેન્દ્ર ઉગરા જેવા વરિષ્ઠ ખેડૂત નેતાઓ પણ આ ત્રણ દિવસીય વિરોધમાં સામેલ થશે.

એટલું જ નહીં ખેડૂતોએ કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રાને બરતરફ કરવાની પણ માંગ કરી હતી જેમના પુત્ર આશિષની લખીમપુર ખેરી હિંસા કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

જણાવી દઈએ કે, ગત વર્ષે ૩ ઓક્ટોબરે લખીમપુર ખેરીમાં હિંસા દરમિયાન ચાર ખેડૂતો સહિત ૮ લોકો માર્યા ગયા હતા. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યની મુલાકાતનો ખેડૂતો વિરોધ કરી રહ્યા હતા.

ભારતીય કિસાન યુનિયનના અધ્યક્ષ જોગિંદર સિંહ ઉગ્રહાને બુધવારે કહ્યું હતું કે, તેઓ

● અનુસંધાન પાન-૭ પર

# કોમેડિયન રાજુ શ્રીવાસ્તવની તબિયત હજુ અત્યંત નાજુક

**ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમની પત્નીએ રાજુના માથાને સ્પર્શ કર્યું હતું ત્યારે સામાન્ય હલચલ પગમાં દેખાઈ હતી**

મુંબઈ, તા.૧૮

કોમેડિયન રાજુ શ્રીવાસ્તવને લઈને એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. રાજુની તબિયત પહેલા કરતાં વધુ ખરાબ થઈ છે. ગત રાતથી જ રાજુ શ્રીવાસ્તવની સ્થિતિ અત્યંત નાજુક છે. ગત સાંજે રાજુ શ્રીવાસ્તવનું બ્લડપ્રેશર ખૂબ નીચું જતુ રહ્યું હતું. હાલ તો બ્લપ્રેશર નોર્મલ છે પરંતુ એકદંરે તેમની સ્થિતિ અત્યંત નાજુક કહી શકાય તેવી છે. પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર, ન્યૂરોલોજીસ્ટ ડૉ. પદ્મા શ્રીવાસ્તવને બોલાવવામાં આવ્યા છે. તેઓ કોલકાતામાં હતા અને ત્યાંથી તાબડતોબ દિલ્હી આવવાનું કહેવામાં આવ્યું છે. રાજુના ભત્રીજા કુશલે ભારે અવાજે કહ્યું, અમે આશા રાખી રહ્યા છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે કોઈ ચમત્કાર થઈ જાય. હા, ડૉ. પદ્મા શ્રીવાસ્તવ કોલકાતાથી દિલ્હી આવી રહ્યાં છે અને આજ સાંજ સુધીમાં આવી જશે. આપણે વાત કરી રહ્યા છીએ એ સમયે પણ રાજુજીની હાલત ખૂબ નાજુક છે.

રાજુ શ્રીવાસ્તવના પરિવારે હોસ્પિટલમાં એક રૂમ બુક કરાવ્યો છે જેથી તેઓ ત્યાં રાત રોકાઈ શકે. કુશાલના જણાવ્યા અનુસાર, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પૂર્વ મંત્રી ડૉ. હર્ષ વર્ધન પણ એમ્સમાં રાજુ શ્રીવાસ્તવની સારવાર કરી રહેલા તબીબો સાથે વ્યક્તિગત સંપર્કમાં છે અને પરિવાર સાથે કો-ઓર્ડિનેટ કરી રહ્યા છે. થોડા કલાકો પહેલા જ ડૉ. હર્ષ વર્ધનની મેડિકલ ટીમ સાથે મીટિંગ થઈ હતી.

# એનસીપીના એક મોટા નેતા ટૂંકમાં જેલમાં જશે

**મહારાષ્ટ્રના ભાજપ નેતાની ટ્વીટથી વિવાદ : ફડણવીસ નજીકના મોહિત કંબોજની ટ્વીટનો હેતુ અસ્થિર શિંદે સરકારને બચાવવા માટે દબાણ લાવવાનો**

મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્રમાં ભાજપના એક નેતાએ એક બાદ એક ટ્વીટ કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના એક મોટા નેતા ટૂંક સમયમાં જેલમાં જશે. સાથે જ તેમના આ દાવાથી રાજ્યામાં રાજકીય હલચલ મચી જવા પામી છે. વિરોધ પક્ષોએ આરોપ લગાવ્યો છે કે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ નજીકના ગણાતા મોહિત કંબોજ દ્વારા કરવામાં આવેલા ટ્વીટનો હેતું 'અસ્થિર શિંદે સરકાર'ને બચાવવા માટે તેમના પર દબાણ લાવવાનો હતો.

મોહિત કંબોજે મંગળવારની મોડી રાત્રે પોતાના ટ્વીટમાં કહ્યું હતું કે, તત્કાલિક મંત્રી અને NCP નેતા નવાબ મલિક, શિવસેના સાંસદ સંજય રાઉત અને મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર સંજય પાંડેની ધરપકડ અંગેની તેમની અગાઉની ધારણા સાચી પડી હતી. આ કેસમાં તેમનો સ્ટ્રાઈક રેટ ૧૦૦ ટકા હતો.

જોકે, તેમણે એનસીપી નેતાનું નામ લીધું નહોતું. કંબોજે વધુમાં જણાવ્યું હતું કે, સિંચાઈ કૌભાંડની અંગે ફરી તપાસ થવી જોઈએ. જે ૨૦૧૯માં તત્કાલિન ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોના વડા પરમબીર સિંહ દ્વારા બંધ કરવામાં આવી હતી. એનસીપી નેતા અજિત પવારને ૨૦૧૯માં આ કેસમાં ક્લીનચીટ મળી હતી.

મોહિત કંબોજે બાદમાં કહ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં એક પ્રેસ કોન્ફરન્સ કરશે અને એનસીપીના આ નેતાની ભારત અને વિદેશમાં તમામ બેનામી સંપત્તિની વિગતો જાહેર કરશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ભાજપ સંકેત આપી રહ્યું છે કે, પાર્ટી ટૂંક સમયમાં અજિત પવરા વિરૂદ્ધ કેસ ફરીથી ખોલશે. તમને જણાવી દઈએ કે, દેવેન્દ્ર ફડણવીસ પાસે ગૃહ મંત્રાલય છે

ભાજપના આ ટ્વીટ બાદ રાજકીય ગરમાવો જોવા મળ્યો છે વિધાન પરિષદમાં વિપક્ષના નેતાઅંબાદાસ દાનવેએ સવાલ કર્યો હતો કે, એક ભાજપના નેતા કેન્દ્રીય એજન્સીઓ દ્વારા કોઈપણ સંભવિત કાર્યવાહી અંગે પહેલાથી કેવી રીતે જાણી શકે છે. તેમણે કહ્યું હતું કે, તે દર્શાવે છે કે આ એજન્સીઓ કેવી રીતે ભાજપના હાથમાં રમી રહી છે. આ મહારાષ્ટ્ર વિકાસ આઘાડીના નેતાઓને ધમકાવવાના નિર્લજ્જ પ્રયાસ સિવાય બીજું કંઈ નથી.


**ગાંધીનગર સમાચાર**

**અંક બંધ**

આજે જન્માષ્ટમી પર્વ નિમિત્તે તા. ૧૯-૮-૨૦૨૨ને શુક્રવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૨૦-૮-૨૦૨૨ને શનિવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ. જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક



**LED TV રીપેરીંગ**

Sony, LG, SAMSUNG, Panasonic

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૯૭૧૪૧૯૮૩૬૬


# પાકિસ્તાનની એક સહિત આઠ યુ ટ્યુબ ચેનલ પર પ્રતિબંધ

**દેશ વિરોધી કૃત્ય કરતી ચેનલો પર તવાઈ : બ્લોક કરાયેલી યુટ્યુબ ચેનલોને ૧૧૪ કરોડથી વધુ લોકોએ જોઈ છે તેના સબસ્ક્રાઈબર ૮૫.૭૩ લાખ થાય છે**

નવી દિલ્હી, તા.૧૮

ભારત દેશની છબી દુનિયામાં અનેકતામાં એકતા, સર્વધર્મ સમભાવ, સહિષ્ણુતા જેવી છે. આવામાં સોશિયલ મીડિયા દ્વારા ઝેર ઓકતી અને જાણીતી બની ગયેલી દેશ વિરોધી કૃત્ય કરતી ૮ યુટ્યુબ ચેનલો પર ગુરુવારે ભારત સરકાર દ્વારા પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જેમાંથી એક ચેનલ પાકિસ્તાનથી ઓપરેટ કરવામાં આવતી હતી. જેમાં 'ખોટું, ભારત વિરોધી સાહિત્ય' પીરસવામાં આવતું હતું. આ ચેનલોને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રૂલ્સ-૨૦૨૧ હેઠળ બ્લોક કરવામાં આવી છે. જેમાં સાત ભારતીય સમાચાર આપતી યુટ્યુબ ચેનલોને પણ બ્લોક કરવામાં આવી છે.

બ્લોક કરાયેલી યુટ્યુબ ચેનલોને ૧૧૪ કરોડથી વધુ લોકોએ જોઈ છે જ્યારે તેના કુલ સબસ્ક્રાઈબર ૮૫.૭૩ લાખ થાય છે, જેને સરકાર દ્વારા મોનિટાઈઝ કરવામાં આવી રહી હતી. આ વાત માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા જણાવવામાં આવી છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું છે કે, બ્લોક કરાયેલી યુટ્યુબ ચેનલ પર દેશની સાંપ્રદાયિક સૌહાર્દને નુકસાન થયા, લોકોની લાગણી દુભાય અને ભારતના વિદેશ સાથેના સંબંધો સહિતની ખોટી માહિતી રજૂ કરવામાં આવતી હતી. સાથે ચેનલ પર ખોટા દાવા કરવામાં આવતા હતા જેમાં ધાર્મિક ઈમારતોને તોડી પાડવાની કામગીરી ભારત સરકાર દ્વારા કરાતી હોવાની ખોટી વિગતો રજૂ કરવામાં આવતી હતી.

# મલેશિયા ભારતનું ફાઈટર જેટ તેજસ ખરીદે એવી શક્યતા

**ભારતમાં બનેલા હથિયારોની વિદેશોમાં વધતી માગ : મલેશિયાએ ટ્રેનર વિમાન ખરીદવા ટેન્ડર બહાર પાડ્યા છે તેના તમામ ધારાધોરણો પર તેજસ ખરું ઉતરી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૧૮

ભારતમાં બની રહેલા હથિયારો હવે ધીરે ધીરે વિશ્વના હથિયાર માર્કેટમાં પોતાનુ આગવુ સ્થાન ઉભુ કરી રહ્યા છે. વિયેતનામ બાદ ફિલિપાઈન્સે બ્રહ્મોસ મિસાઈલ ખરીદવામાં રસ દાખવ્યો છે તો ભારતના સ્વદેશી ફાઈટર જેટ તેજસને મલેશિયા ખરીદે તેવી પ્રબળ શક્યતાઓ દેખાઈ રહી છે. મલેશિયાએ પોતાની વાયુસેનાના પાયલોટસને શિક્ષણ આપવા માટે જે ટ્રેનર વિમાન ખરીદવા માટે ટેન્ડર બહાર પાડ્યા છે તેના તમામ ધારાધોરણો પર તેજસ ખરુ ઉતરી રહ્યુ છે.

જેના પગલે તેજસનુ નિર્માણ કરી રહેલી કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ મલેશિયામાં પોતાની ઓફિસ ખોલવા જઈરહી છે. જો ભારતને આ ટેન્ડર મળ્યુ તો અગ્નિ એશિયાના દેશોમાં ભારતનો ડંકો વાગી શકે છે.

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા મલેશિયાની રાજધાની કુઆલાલુમ્પુરમાં નવી ઓફિસ ખોલવા માટે આજે એમઓયુ કરવામાં આવ્યુ હતુ. મલેશિયાને લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટની તો જરુર છે જ પણ સાથે સાથે તેની એરફોર્સમાં સામેલ સુખોઈ અને હોક વિમાનોના અપગ્રેડની પણ જરુર ઉભી થઈ છે. ભારત પાસે આ બંને વિમાનો પહેલેથી જ વાયુસેનામાં સામેલ છે. આમ આ ક્ષેત્રમાં પણ ભારત મદદ કરી શકે છે. હાલમાં ભારતના ડિફેન્સ સેક્રેટરી મલેશિયાના અને મલેશિયાના નૌસેના પ્રમુખ ભારતના પ્રવાસે છે. મલેશિયાએ ૧૮ વિમાનો માટે જાહેર કરેલા ટેન્ડરને બહુ જલ્દી ખોલવામાં આવશે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડનુ ક હેવુ છે કે, તેજસની સાથે સાથે ભારતમાં બનેલા એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર અન લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર તેમજ ડોર્નિયર વિમાન પણ મલેશિયાની એરફોર્સમા સામેલ થવાની ક્ષમતા ધરાવે છે. સાથે સાથે અમે મલેશિયાના સુખોઈ વિમાનને અપગ્રેડ કરવા માટે પણ મદદ કરવા તૈયાર છે. કારણકે હાલમાં રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધના કારણે મલેશિયાની પોતાના વિમાનો અપગ્રેડ કરવાની યોજના ઘોંચમાં પડી છે.


